### કામગીરીનો વ્યાપ સતત વધતો જાય છે, ત્યારે મહેકમમાં ઘટાડો શા માટે?

# વીર નર્મદ યુનિવર્સિટીમાં બે દાયકામાં ભરતીનું પતન

**મંજૂર** મહેકમ ૪૩૩થી ઘટીને ૧૭૪; કાર્યરત સ્ટાફ માત્ર ૫૭
૩ લાખ વિદ્યાર્થી અને ૨૭૭ કોલેજ વચ્ચે વહીવટ પર ગંભીર પ્રશ્નચિન્હ

સુરતઃ દક્ષિણ ગુજરાતની અગ્રણી ગણાતી વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટીમાં છેલ્લા 20 વર્ષમાં શૈક્ષણિક અને બિન-શૈક્ષણિક સ્ટાફની ભરતીમાં ચિંતાજનક ઘટાડો નોંધાયો છે. વર્ષ 2006 થી 2026 દરમિયાન વિવિધ પગાર પંચના સમયગાળાની સરખામણી કરતા જાણવા મળે છે કે યુનિવર્સિટીના મંજૂર મહેકમ, ભરેલી જગ્યાઓ અને કાર્યરત સ્ટાફની સંખ્યામાં સતત ગાબડું પડતું ગયું છે.

આ પરિસ્થિતિ એવા સમયે સામે આવી છે જ્યારે યુનિવર્સિટી સાથે 3 લાખથી વધુ વિદ્યાર્થીઓ અને 277 સંલગ્ન કોલેજો જોડાયેલા છે. વિશાળ શૈક્ષણિક માળખા સામે સ્ટાફની ઘટતી સંખ્યા યુનિવર્સિટીના ભવિષ્ય અને કાર્યક્ષમતાને લઈને ગંભીર ચિંતાઓ ઊભી કરે છે.

૨૦૦૬ માં ૪૩૩ જગ્યાઓ મંજૂર હતી, જે ૨૦૨૬માં ઘટીને ૧૭૪ રહી ગઈ છે. ૨૦૦૬માં ૩૧૦ કર્મચારીઓ કાર્યરત હતા, જ્યારે હાલ માત્ર ૫૭ કર્મચારીઓ જ બાકી રહ્યા છે. હાલમાં મંજૂર ૧૭૪માંથી ૧૧૭ જગ્યાઓ ખાલી છે, એટલે કે બે તૃતિયાંશ જગ્યાઓ પર કાયમી નિમણૂક જ નથી. હાલના ૫૭ કર્મચારીઓ પર અગાઉના ૩૧૦ જેટલા કર્મચારીઓનું કામનું ભારણ આવી પડ્યું છે. પરિણામે ફાઈલ નિરાકરણ, પરીક્ષા કામગીરી, પરિણામ જાહેર કરવાની પ્રક્રિયા સહિતના કામોમાં વિલંબ થવાની શક્યતા વધી રહી છે.

કાયમી ભરતીના અભાવે કરાર આધારિત અને આઉટસોર્સિંગ સ્ટાફ પર આધાર વધ્યો છે. આ પ્રણાલી લાંબા ગાળે શૈક્ષણિક ગુણવત્તા અને પારદર્શિતાને અસર કરી શકે છે. વિદ્યાર્થીઓની સંખ્યા અને કોલેજોના વિસ્તરણ સાથે તુલનાત્મક રીતે સ્ટાફમાં ઘટાડો થવાથી માર્ગદર્શન, સંશોધન અને શૈક્ષણિક આયોજન પર સીધી અસર પડી શકે છે. જો આ જ ગતિએ મહેકમમાં કાપ અને ભરતીમાં ઘટાડો ચાલુ રહેશે, તો યુનિવર્સિટીના મુખ્ય વિભાગો ચલાવવા મુશ્કેલી ઊભી થવાની શક્યતા નકારી શકાય નહીં.

#### દક્ષિણ ગુજરાત યુનિવર્સિટીના શૈક્ષણિક માળખા માટે ચેતવણી, જવાબદારી કોની?

વિદ્યાર્થી વર્ગ અને શૈક્ષણિક વર્તુળોમાં પ્રશ્ન ઊઠી રહ્યો છે કે જ્યારે યુનિવર્સિટીની કામગીરીનો વ્યાપ સતત વધતો જાય છે, ત્યારે મહેકમમાં ઘટાડો શા માટે? શું આ નીતિગત નિર્ણય છે કે નાણાકીય સંકોચનનો પરિણામ છે? વિશ્વવિદ્યાલયની વિશ્વસનીયતા અને ગુણવત્તા જાળવવા તાત્કાલિક ધોરણે ખાલી જગ્યાઓ પર પારદર્શક અને ઝડપી ભરતી પ્રક્રિયા હાથ ધરવાની જરૂરિયાત ઊભી થઈ છે. દક્ષિણ ગુજરાતના ઉચ્ચ શિક્ષણના કેન્દ્રસ્થાને રહેલી યુનિવર્સિટીમાં સ્ટાફ સંકટ હવે માત્ર આંકડાઓ સુધી મર્યાદિત નથી રહ્યું, પરંતુ તે સમગ્ર શૈક્ષણિક માળખા માટે ચેતવણીરૂપ સંકેત બની રહ્યું છે.

#### પગાર પંચ મુજબ સ્ટાફની સ્થિતિ

| | મંજૂર | ભરેલી | ખાલી |
|---|---|---|---|
| 1 જાન્યુઆરી 2006 છઠ્ઠું પગાર પંચ | 433 | 310 | 123 |
| 1 જાન્યુઆરી 2016 સાતમું પગારપંચ | 310 | 174 | 136 |
| 1 જાન્યુઆરી 2026 આઠમું પગારપંચ | 174 | 57 | 117 |

#### આંકડાઓ શું કહે છે? અને તેની અસરો

» મંજૂર મહેકમમાં ૬૦% ઘટાડો » કાર્યરત સ્ટાફમાં ૮૧%નો તોતિંગ ઘટાડો » ખાલી જગ્યાઓનું પ્રમાણ ૬૭% સુધી પહોંચ્યું » વધતો વહીવટી ભાર » આઉટસોર્સિંગ પર વધતી નિર્ભરતા » શૈક્ષણિક ગુણવત્તા પર અસર » ભવિષ્યમાં વહીવટ સંકટની શક્યતા

# જૂન CSEET માટે વિદ્યાર્થીઓનો સમય વધારાયો

**૨૮** ફેબ્રુઆરી સુધી રજિસ્ટ્રેશન, એપ્રિલ સુધી એનરોલમેન્ટની તકઃ ૧થી ૪ જૂન દરમિયાન પરીક્ષા

સુરતઃ ઈન્સ્ટિટ્યુટ ઓફ કંપની સેક્રેટરી ઓફ ઈન્ડિયા (ICSI) દ્વારા જૂન મહિનામાં યોજાનારી CS એક્ઝીક્યુટીવ એન્ટ્રન્સ ટેસ્ટ (CSEET) માટે વિદ્યાર્થીઓને વધુ સમય આપવાનો મહત્ત્વપૂર્ણ નિર્ણય લેવામાં આવ્યો છે. અગાઉ ૧૫ ફેબ્રુઆરી અંતિમ તારીખ રાખવામાં આવી હતી, પરંતુ હવે રજિસ્ટ્રેશનની મુદત વધારીને ૨૮ ફેબ્રુઆરી સુધી કરવામાં આવી છે.

ICSIના આ નિર્ણયથી એવા વિદ્યાર્થીઓને ખાસ રાહત મળી છે, જેમનું રજિસ્ટ્રેશન વિવિધ કારણોસર રહી ગયું હતું. હવે તેઓ ૨૮ ફેબ્રુઆરી સુધી ઓનલાઈન અરજી કરી શકશે. પરીક્ષા આગામી ૧થી ૪ જૂન દરમિયાન યોજાવાની છે. રજિસ્ટ્રેશન પૂર્ણ કર્યા બાદ ઉમેદવારો ૧ માર્ચથી ૭ એપ્રિલ સુધી કોઈપણ લેટ ફી વગર એનરોલમેન્ટ ફોર્મ ભરી શકશે. જ્યારે ૮ એપ્રિલથી ૨૦ એપ્રિલ ૨૦૨૬ સુધી લેટ ફી સાથે ફોર્મ ભરવાની તક આપવામાં આવી છે. ICSI દ્વારા નક્કી કરાયેલા માપદંડો અનુસાર ધોરણ ૧૨ પાસ થયેલા અથવા હાલ ધોરણ ૧૨ની પરીક્ષા આપી રહેલા વિદ્યાર્થીઓ તેમજ અંડરગ્રેજ્યુએટ વિદ્યાર્થીઓ CSEET માટે અરજી કરી શકે છે.

રજિસ્ટ્રેશન બાદ વિદ્યાર્થીઓને પરીક્ષાની તૈયારી માટે ICSI દ્વારા મફત વર્ચ્યુઅલ ક્લાસિસ અને અભ્યાસ સામગ્રી ઉપલબ્ધ કરાવવામાં આવશે. આ પગલાથી વ્યાવસાયિક કારકિર્દી તરફ આગળ વધવા ઈચ્છુક વિદ્યાર્થીઓને માર્ગદર્શન અને સહાય મળશે.

# વાપી-દમણ ડ્રગ્સ ફેક્ટરી કેસમાં વધુ એક યુપીથી ઝડપાયો

**મુખ્ય** આરોપી હજુ પણ ફરાર

ગાંધીનગરઃ દક્ષિણ ગુજરાતના વાપી-દમણ ડ્રગ ફેક્ટરી કેસમાં ગુજરાત એટીએસની ટીમે વધુ એક આરોપીની ધરપકડ કરી છે, જ્યારે મુખ્ય આરોપી હજુ પણ ફરાર હોવાનું જાણવા મળ્યું છે.

મળતી માહિતી મુજબ ગુજરાત એટીએસને મળેલી બાતમીના આધારે ઉત્તર પ્રદેશમાંથી વાપી-દમણ ડ્રગ ફેક્ટરી કેસમાં સંડોવાયેલો આરોપી મેહુલ ઠાકુરની ધરપકડ કરી હતી. અત્રે ખાસ ઉલ્લેનિય છે કે ઓક્ટોબર 2025માં વાપી-દમણ વિસ્તારમાં ડ્રગ ફેક્ટરી ઝડપાઈ હતી. ત્યારે સોનુ ભારદ્વાજ અને નિલેશ પાંડેની ધરપકડ કરવામાં આવી હતી. જ્યારે મેહુલ અને વિવેક ફરાર થઈ ગયા હતા.

એટીએસની તપાસમાં બહાર આવ્યું હતુ કે બંને આરોપી વાપીથી ગોરખપુર અને ત્યારબાદ પશ્ચિમ બંગાળ થઈને નેપાળ ભાગી જઈ, નેપાળમાં તેઓ ભાડાના મકાનમાં રહેતા હતા. એટીએસને મેહુલ વારાણસી આવતો હોવાની માહિતી મળતા વોચ ગોઠવી તેની ધરપકડ કરી હતી. આ પહેલા આ કેસમાં ત્રણ આરોપીની ધરપકડ થઈ ચૂકી છે. તમામ આરોપીઓ ડ્રગ્સનું ઉત્પાદન કરીને રાજ્યના વિવિધ વિસ્તારોમાં સપ્લાય કરતા હતા.

# સચિન GIDCમાં વરસાદી પાણીના નિકાલ માટેનો મેગા પ્રોજેક્ટ શરૂ



સુરતઃ સચિન જીઆઈડીસીમાં વરસાદી પાણીના નિકાલ માટે ડ્રેનેજ પ્રોજેક્ટનું ખાતમુહૂર્ત કરાયું છે. સચિન ઈન્ડસ્ટ્રીયલ કો-ઓ. સોસાયટીના પ્રમુખ કિશોર પટેલ અને સેક્રેટરી મયુર જે. ગોળવાલાના જણાવ્યા મુજબ ઉદ્યોગકારોના ખાતામાં પાણી ભરાવાની સમસ્યા છેલ્લાં બેથી ત્રણ વર્ષના શાસકોના સમયગાળા દરમિયાન અંકુશમાં લેવામાં આવી છે. જીઆઈડીસીમાં મુખ્ય સમસ્યા વરસાદી પાણીના નિકાલ માટેની હતી, જે હવે આગામી ચોમાસા દરમિયાન ભૂતકાળ સાબિત થઈ જશે.સચિન જીઆઈડીસીમાં આવેલાં રોડ નં.9,6,4,8,43-એ અને 43-બી સહિત બીજા રોડ-રસ્તા ઉપર ચોમાસાની સિઝન દરમિયાન પાણીના ભરાવાની સમસ્યા પૂર્વ શાસકોના સમયમાં માથાના દુઃખાવા જેવી હતી. જે સમય જ નહીં પરંતુ આર્થિકતાને પણ ગંભીર અસર કરતી હતી.

હાલના શાસકોએ આવા તમામ રોડ રસ્તાનું બારીકાઈથી નિરીક્ષણ કરી તેવાં રોડ -રસ્તાને કેન્દ્ર સ્થાને રાખી વરસાદી પાણીના નિકાલ માટે આર.સી.સી ડ્રેનેજ લાઈન બનાવવાનું કામ આશરે 3.5 કિ.મી વિસ્તારમાં કરવામાં આવશે.

જેનું ખાતમૂહૂર્ત સચિન ઈન્ડસ્ટ્રીયલ કો.ઓ સોસાયટીના ખજાનચી ઉદ્યોગપતિ ગિરીશભાઈ રાખોલીયા હસ્તે કરવામાં આવ્યું હતું. ખાતમૂહૂર્ત કાર્યક્રમમાં સોસાયટીના પ્રમુખ કિશોરભાઈ પટેલ, નોટીફાઈડ ચેરમેન મિતુલભાઈ મહેતા, ઉપપ્રમુખ નીલેશભાઈ ગામી, ડિરેક્ટર ભીખુભાઈ નાકરાણી, સેક્રેટરી મયૂર ગોળવાલા અને સોસાયટીના મેનેજર અરવિંદભાઈ આહીર સહિત નોટીફાઈડના કર્મચારીઓ હાજર રહ્યાં હતાં.

### આઠ આરોપીની જામીનઅરજી પર ચુકાદો અનામત

# સોઈલ રિપોર્ટ વગર જ તડકેશ્વરમાં ટાંકી બનતી હતી

**3 મીટરના** બદલે માત્ર અઢી મીટરનું જ ખોદકામ કરાયું હતું

**બાંધકામમાં** 30M રેશિયો રાખવાને બદલે માત્ર 14Mનો રેશિયો વાપરીને સિમેન્ટ, રેતી અને સ્ટીલની મોટાપાયે ઉચાપત કરવામાં આવી

બારડોલીઃ તડકેશ્વર ખાતે ગાયપગલાં જૂથ સુધારણા યોજના અંતર્ગત નિર્મિત 9 લાખ લિટરની ક્ષમતાવાળી પાણીની ટાંકી ટેસ્ટિંગ દરમિયાન પત્તાના મહેલની જેમ તૂટી પડવાની ઘટનાએ સમગ્ર રાજ્યમાં ચકચાર જગાવી હતી. આ મામલે ધરપકડ કરાયેલા આઠ આરોપીએ બારડોલી સેશન્સ કોર્ટમાં જામીન અરજી દાખલ કરી હતી, જેની ગુરુવારે હાથ ધરાયેલી સુનાવણીમાં સરકારી વકીલ નયન સુખડવાલાએ ચોંકાવનારા પુરાવા રજૂ કરતા કોર્ટ રૂમમાં ખળભળાટ મચી ગયો હતો. કોર્ટે હાલ આ મામલે ચુકાદો શનિવાર પર મુલતવી રાખ્યો છે.

ઘટનાની વિગત મુજબ ગત 19 જાન્યુઆરી 2026ના રોજ આ દુર્ઘટના સર્જાઈ હતી, જેમાં ત્રણ મહિલાઓ ઈજાગ્રસ્ત થઈ હતી. સરકારની પ્રતિષ્ઠા ખરડાતા પાણી પુરવઠા વિભાગના અધિકારી મીતાબેન મેવાડાએ કોન્ટ્રાક્ટર એજન્સી મે. જયંતી સુપર કન્સ્ટ્રક્શન, પીએમસી એજન્સી માર્સ પ્લાનિંગ અને જવાબદાર સરકારી ઈજનેરો સામે ફરિયાદ નોંધાવી હતી. બચાવ પક્ષના વકીલોએ દલીલ કરી હતી કે આ સિવિલ જવાબદારીનો વિષય છે અને એજન્સી ફરી ટાંકી બનાવી આપવા તૈયાર છે.

જો કે, સરકારી વકીલે તપાસ અધિકારી ડીવાયએસપી બી.કે.વનાર સાથે મળીને ભ્રષ્ટાચારના ગંભીર પુરાવા રજૂ કર્યા હતા. તપાસમાં બહાર આવ્યું કે ટાંકીના બાંધકામ માટે નિર્ધારિત રેશિયો જળવાયો ન હતો અને લોકેશન ડેટા મુજબ કોઈ અધિકારીએ સ્થળ પર સુપરવિઝન પણ કર્યું ન હતું. સૌથી ગંભીર બાબત એ હતી કે જે સ્થળે ટાંકી બની ત્યાંના નકશા જ ઉપલબ્ધ નહોતા અને સોઈલ ટેસ્ટિંગના નામે મહેસાણાના કોઈ ગામનો બોગસ જાવક નંબર સાથેનો રિપોર્ટ રજૂ કરવામાં આવ્યો હતો.

#### સરકારી પક્ષે કોર્ટમાં રજૂ કરેલી કેટલીક ચોંકાવનારી વિગતો

ડુંગરી ગામની ટાંકીનો ફોટો રજૂ કરી કામ બાકી હોવા છતાં 28 લાખ રૂપિયા મેળવી લેવાયા હતા. અગાઉ હરિયાલ ગામે ટાંકી માટે જગ્યા ફાળવાઈ હતી. પરંતુ તંત્રને પછીથી ખબર પડી કે આ જગ્યા જીએમડીસીની છે. આથી આ કામ બંધ કરી તેની જગ્યાએ તડકેશ્વરમાં કામ શરૂ કર્યું હતું. હરિયાલના અટકેલા કામના નામે પણ એજન્સીએ 78 લાખ રૂપિયા ખંખેરી લેવામાં આવ્યા હોવાનો દાવો કરાયો છે. પાયા માટે 3 મીટરના બદલે માત્ર અઢી મીટરનું જ ખોદકામ કરાયું હતું. બાંધકામમાં 30M રેશિયો રાખવાને બદલે માત્ર 14Mનો રેશિયો વાપરીને સિમેન્ટ, રેતી અને સ્ટીલની મોટાપાયે ઉચાપત કરવામાં આવી હોવાનું પુરવાર થયું છે. તડકેશ્વરની ટાંકી માટે હરિયાલ ગામના નકશામાં માત્ર નામ બદલીને વાપરવામાં આવ્યા હતા. સોઈલ રિપોર્ટ પણ બોગસ જાવક નંબર સાથે રજૂ કરીને સરકાર સાથે છેતરપિંડી આચરવામાં આવી હતી. પોલીસ દ્વારા કોમ્પ્યુટર પણ સીઝ કરવામાં આવ્યું છે. જો કે, તેમાં પાસવર્ડ હોવાથી ડેટા રિકવરી માટે એફએસએલમાં મોકલવામાં આવનાર છે. જેમાં ઘણા પુરાવા હોવાનું વકીલ દ્વારા કોર્ટ સમક્ષ જણાવવામાં આવ્યું હતું.

# હોળી માટે વારાણસી, કટિહાર સહિત છ જોડી ખાસ ટ્રેનો દોડશે

**સુરતના** મુસાફરોને સીધો ફાયદો થશે, જેમાં વધારાની 4,000 બેઠકનો ઉમેરો થશે

સુરતઃ આગામી પર્વ હોળી-ધૂળેટી માટે વધતી જતી મુસાફરીની માંગને ધ્યાનમાં રાખીને પશ્ચિમ રેલવેએ મહત્ત્વની જાહેરાત કરી છે. જેમાં સાપ્તાહિક છ જોડી ખાસ ટ્રેનોની જાહેરાત કરવામાં આવી છે. ખાસ ભાડા પર ચાલતી આ ટ્રેનો સુરત અને દક્ષિણ ગુજરાતના મુસાફરોને નોંધપાત્ર ફાયદો કરાવશે.

વારાણસી, કટિહાર અને દાનાપુર જતી મુસાફરો માટે આશરે 4,000 વધારાની બેઠકો ઉપલબ્ધ થશે, જેનાથી સુરતમાં તાપ્તી ગંગા સહિતની નિયમિત ટ્રેનોમાં વેઇટિંગ લિસ્ટમાં ઘટાડો થવાની ધારણા છે.

#### મુંબઈ સેન્ટ્રલ-કટિહાર સ્પેશિયલ (૦૯૧૮૯/૦૯૧૯૦)

૨૧ ફેબ્રુઆરીથી ૨૮ માર્ચ સુધી, તે દર શનિવારે સવારે ૧૦:૫૫ વાગ્યે મુંબઈ સેન્ટ્રલથી રવાના થશે અને સોમવારે સવારે ૦૭:૩૦ વાગ્યે કટિહાર પહોંચશે. તેની પરત ફરતી વખતે, તે મંગળવારે સાંજે ૦૦:૧૫ વાગ્યે કટિહારથી રવાના થશે અને બીજા દિવસે સાંજે ૬:૪૦ વાગ્યે મુંબઈ પહોંચશે. આ ટ્રેનનો સુરત ખાતે વધારાનો સ્ટોપ રહેશે. એસી, સ્લીપર અને જનરલ કોચ ઉપલબ્ધ રહેશે.

#### વલસાડ-દાનાપુર સ્પેશિયલ (૦૯૦૨૫/૦૯૦૨૬)

૨૩ ફેબ્રુઆરીથી ૩૦ માર્ચ સુધી, તે દર સોમવારે સવારે ૦૮:૪૦ વાગ્યે વલસાડથી ઉપડશે અને બીજા દિવસે બપોરે ૧૨:૦૦ વાગ્યે દાનાપુર પહોંચશે. પરત ફરતી ટ્રેન મંગળવારે દાનાપુરથી બપોરે ૨:૩૦ વાગ્યે ઉપડશે અને રાત્રે ૨૧:૩૦ વાગ્યે વલસાડ પહોંચશે. આ ટ્રેન ભેંસાણ, ભુસાવલ, ઇટારસી, જબલપુર, પ્રયાગરાજ છોકી અને બક્સર રૂટ થઈને દોડશે.

#### અન્ય સ્પેશિયલ ટ્રેનો

અન્ય ટ્રેનોમાં વડોદરા-ગોરખપુર (૦૯૧૧૧/૦૯૧૨), વડોદરા-માઉ સુપરફાસ્ટ (૦૯૧૯૫/૦૯૧૯૬) અને ડો. આંબેડકર નગર-પટણા (૦૯૩૪૩/૦૯૩૪૪) સ્પેશિયલ ટ્રેનોનો સમાવેશ થાય છે, જે નિર્ધારિત તારીખો પર ચાલશે. આ ખાસ ટ્રેનો માટે બુકિંગ ૧૯ ફેબ્રુઆરીથી PRS કાઉન્ટર અને IRCTC વેબસાઇટ પર શરૂ થશે.

#### મુંબઈ સેન્ટ્રલ-વારાણસી એસી સ્પેશિયલ (09183/09184)

4થી 25 માર્ચ વચ્ચે, તે દર બુધવારે રાત્રે 10:30 વાગ્યે મુંબઈ સેન્ટ્રલથી ઉપડશે અને શુક્રવારે સવારે 10:30 વાગ્યે વારાણસી પહોંચશે. પરત ફરતી વખતે, તે શુક્રવારે બપોરે ૧:૩૦ વાગ્યે વારાણસીથી રવાના થશે અને રવિવારે સવારે ૪:૨૦ વાગ્યે મુંબઈ સેન્ટ્રલ પહોંચશે. આ ટ્રેન બોરીવલી, વાપી, સુરત, વડોદરા, કોટા, કાનપુર સેન્ટ્રલ અને લખનૌ સહિત અનેક મુખ્ય સ્ટેશનો પર રોકાશે. તેમાં ફર્સ્ટ એસીથી એસી 3-ટાયર ઇકોનોમી સુધીના કોચ હશે.

# ગુજરાત વિધાનસભાની ચૂંટણીને લઈ કોંગ્રેસ હાઈકમાન્ડ એક્શનમાં

**દિલ્હીમાં** પાર્ટીના રાષ્ટ્રીય નેતાઓની ગુજરાત કોંગ્રેસના સિનિયર અગ્રણીઓ સાથે બેઠક

ગાંધીનગરઃ ગુજરાત વિધાનસભા ચૂંટણીને ધ્યાનમાં રાખીને કોંગ્રેસ હાઈકમાન્ડ દ્વારા તૈયારીઓ તેજ બનાવી છે. દિલ્હીમાં પાર્ટીના રાષ્ટ્રીય નેતાઓની મહત્ત્વપૂર્ણ બેઠક મળી હતી, જેમાં ગુજરાતના સિનિયર અગ્રણીઓ સાથે આગામી ચૂંટણી માટેની રણનીતિ ઘડવા વિસ્તૃત ચર્ચા કરવામાં આવી હતી.

આ બેઠક કોંગ્રેસ અધ્યક્ષ મલ્લિકાર્જૂન ખડગેના નિવાસસ્થાને મળી હતી અને તેની અધ્યક્ષતા રાહુલ ગાંધી અને ખડગેએ સંયુક્ત રીતે કરી હતી. બેઠકમાં ગુજરાત કોંગ્રેસના અગ્રણીઓ પૈકી પ્રદેશ અધ્યક્ષ અમીત ચાવડા, વિધાનસભા કોંગ્રેસ પક્ષના નેતા તુષાર ચૌધરી, સિદ્ધાર્થ પટેલ, રાજયસભાના સાંસદ અને પૂર્વ પ્રદેશ અધ્યક્ષ શક્તિસિંહ ગોહિલ, ભરતસિંહ સોલંકી, જગદીશ ઠાકોર અને પરેશ ધાનાણી તેમજ ગુજરાતના પ્રભારી મુકુલ વાસનિક પણ બેઠકમાં હાજર રહ્યા હતા.

સૂત્રોના જણાવ્યા મુજબ બેઠકમાં રાજ્યની વર્તમાન રાજકીય પરિસ્થિતિ, સંગઠનને બૂથ સ્તરે મજબૂત બનાવવાના પ્રયાસો, સંભાવિત ઉમેદવારોની પસંદગી પ્રક્રિયા, યુવાનો અને મહિલાઓ સુધી પહોંચ વધારવા માટેના કાર્યક્રમો તેમજ મતદારો સાથે સીધો સંપર્ક વધારવા અંગે ચર્ચા કરવામાં આવી હતી. વિધાનસભા ચૂંટણીને ધ્યાનમાં રાખીને કોંગ્રેસે રાજ્યમાં સંગઠનાત્મક ગતિવિધિઓ તેજ કરવાની દિશામાં સંકેત આપ્યો છે. આગામી સ્થાનિક સ્વરાજયની ચૂંટણી અંગે પણ ચર્ચા થવા પામી હતી.

# જ્વેલરી ડ્યૂટી ડ્રોબેક દરોમાં વધારો

**GJEPCની** સરકારમાં રજૂઆત પછી વધતા સોના-ચાંદીના ભાવ વચ્ચે નિકાસકારોને મોટી રાહત

સુરતઃ ભારત સરકારે જ્વેલરી ઉદ્યોગને મોટી રાહત આપતા ચેપ્ટર-71 હેઠળના કેટલાક જ્વેલરી ટેરિફ આઈટમ્સ માટે ડ્યુટી ડ્રોબેકના દરોમાં વધારો કર્યો છે. આ નિર્ણય ભારત સરકાર દ્વારા નોટિફિકેશન નં. 21/2026-કસ્ટમ્સ (N.T.), તારીખ 16 ફેબ્રુઆરી 2026ના રોજ જાહેર કરવામાં આવ્યો છે, જે કેન્દ્રીય નાણા મંત્રાલય (ડિપાર્ટમેન્ટ ઓફ રેવન્યુ) હેઠળ આવે છે. જૂના નોટિફિકેશનમાં સુધારો અગાઉના નોટિફિકેશન નં. 77/2023-કસ્ટમ્સ (N.T.)ના શેડ્યૂલમાં કરવામાં આવ્યો છે. સરકારનો ઉદ્દેશ્ય જ્વેલરી નિકાસકારોને વધતા ઈનપુટ ખર્ચ સામે યોગ્ય વળતર આપવાનો છે, ખાસ કરીને ત્યારે જ્યારે સોનાં, ચાંદી અને પ્લેટિનમના ભાવ રેકોર્ડ સ્તરે પહોંચી ગયા છે.

આ વધારાથી નિકાસકારોની માર્જિન સુધરશે અને વૈશ્વિક બજારમાં ભારતીય જ્વેલરીની ભાવ સ્પર્ધાત્મકતા મજબૂત બનશે. GJEPCની રજૂઆત અસરકારક રહી છે. GJEPC દ્વારા અગાઉથી જ આ મુદ્દો વાણિજ્ય મંત્રાલય તથા નીતિ આયોગ સાથેની બેઠકમાં ઉઠાવવામાં આવ્યો હતો. કાઉન્સિલે સ્પષ્ટ રીતે જણાવ્યું હતું કે વધતા કાચા માલના ભાવોને અનુરૂપ ડ્રોબેક દરોમાં સુધારો કરવો અત્યંત જરૂરી છે.

નવા, વધુ ઊંચા ડ્રોબેક દરો નિકાસ પછી ચૂકવેલા ડ્યુટીઝનો મોટો ભાગ પરત લાવવામાં મદદ કરશે, જેના કારણે નિકાસકારોની કેશ ફ્લો સ્થિતિ મજબૂત બનશે. ખાસ કરીને MSME ક્ષેત્ર માટે આ નિર્ણય ખૂબ જ લાભદાયક સાબિત થવાની શક્યતા છે.

# ચેક રિટર્ન કેસમાં મિત્રના પુત્રને એક વર્ષની સજા

સુરતઃ મદદરૂપ માટે આપેલા ઉછીના રૂપિયા સામે આપેલા પાંચ લાખના ચેક રિટર્ન કેસમાં ફરિયાદીના મિત્રના દિકરાને એક વર્ષની સજા ઓલપાડ કોર્ટે ફટકારી હતી. ઓલપાડમાં રહેતા ફરીદખાન હુશેનખાન પઠાણના મિત્ર પંકજભાઈ શાહ શેર બ્રોકિંગ તથા જમીન મકાન દલાલીનું કામકાજ કરે છે અને પંકજભાઈનો પુત્ર રાજ પિતાના ધંધામાં મદદ કરે છે. આરોપી રાજ પંકજ શાહે ઓફિસ બાબતે બેંકમાંથી જપ્તીનો હુકમ થયો હતો. આરોપીએ મદદ માંગતા ફરિયાદીએ ૧૦ લાખ આપ્યાં હતાં. જે સામે ચેક આપ્યો હતો. જે ચેક રિટર્ન થતાં ફરિયાદીએ વકીલ પરેશ એન. ગલીઆવાલા મારફતે ઓલપાડ કોર્ટમાં ફરિયાદ કરી હતી. ઓલપાડ કોર્ટે આરોપીને એક વર્ષની સાદી કેદની સજા તથા વાર્ષિક ૬%નાં વ્યાજે રૂ.૫,૦૦,૦૦૦ વળતર તરીકે ચૂકવી આપવાનો હુકમ કર્યો હતો. તેમજ ફરીયાદી વળતરની રકમ આરોપીની જાત મિલકતમાંથી વસૂલ લેવા હકકદાર રહેશે.

## અનુસંધાન ... પાના છેલ્લાનું

#### સુરતના 10...

સૂત્રો જણાવે છે કે સુરતમાંથી આશરે 8થી 10 હજાર જેટલા ખાતા અસરગ્રસ્ત થયા હોવાની ચર્ચા છે. અસરગ્રસ્તોમાં મોટાભાગે નાના અને મધ્યમવર્ગીય પરિવારો છે, જેમની જીવનભરની બચત બેંકમાં જમા છે. ઘણાં વેપારીઓ પાસે દૈનિક વ્યવહાર ચલાવવા પૂરતી રોકડ ન હોવાને કારણે વેપાર ઠપ્પ થવાની સ્થિતિ ઊભી થઈ છે. આ મુદ્દે વેપારી સંસ્થાઓએ માંગ ઉઠાવી છે કે રાજ્ય સરકાર અને સ્થાનિક પોલીસ તાત્કાલિક હસ્તક્ષેપ કરે. ખાતા ફ્રીઝ કરતાં પહેલા યોગ્ય તપાસ અને ખાતાધારકને નોટિસ આપવાની પ્રક્રિયા અપનાવવામાં આવે તેવી માંગ છે.

#### ઇન્સ્ટન્ટ લોન...

પોલીસ દ્વારા ફ્રીઝ થઈ રહ્યા હોવાનું કહેવાય છે. સાયબર ક્રાઈમ સત્તાવાર સૂત્રોનું કહેવું છે કે ફ્રીઝ ખાતાધારકો ઈમેલ દ્વારા રજૂઆત કરી શકે છે, પરંતુ સીધી કાર્યવાહી તેમની નથી.

#### ગુજરાતમાં પ્રથમ...

સામે આવ્યા છે. આ પરિસ્થિતિને ધ્યાનમાં રાખીને ગુજરાતમાં પ્રથમ વખત ખાસ સાયબર સહાય કક્ષ અને સહાય ક્રમાંક શરૂ કરવાની તૈયારી કરવામાં આવી રહી છે. અસરગ્રસ્ત નાગરિકોને અરજી પ્રક્રિયા, જરૂરી દસ્તાવેજો અને કાનૂની સલાહ અંગે માર્ગદર્શન આપવા વિશેષ સ્ટાફ મુકવામાં આવશે. અન્ય રાજ્યોમાં જપ્ત થયેલા ખાતાઓ માટે અલગ ટીમ કાર્યરત થશે, જેથી પીડિતોને ઝડપી અને અસરકારક રાહત મળી શકે.

#### સ્મીમેરનો લોકલ...

ત્યારપછી વખતોવખત સીટ તો વધી પણ લોકલ ક્વોટા વધારવા બાબતે શાસકોએ કે મેડિકલ કોલેજના વહિવટદારોએ ધ્યાન જ આપ્યું નથી. જેને કારણે સુરતના વિદ્યાર્થીઓ સાથે અન્યાય થઈ રહ્યો છે.

ગુજરાતમાં મનપા સંચાલિત અમદાવાદ બાદ બીજી સુરત શહેરમાં મેડિકલ કોલેજ શરૂ કરવામાં આવી હતી. ગુજરાતમાં મ્યુનિસિપલ કોર્પોરેશન સંચાલિત મેડિકલ કોલેજોમાં સુરત બીજી ગણાય છે. આ કોલેજનો સંપૂર્ણ ખર્ચ સુરત મનપા પોતાના બજેટમાંથી ઉઠાવે છે. કોલેજ શરૂ થયાના સમયગાળા દરમિયાન કુલ 100 બેઠકમાંથી 70 બેઠક લોકલ વિદ્યાર્થીઓ માટે ફાળવવામાં આવી હતી, જ્યારે 15 બેઠક એનઆરઆઈ કોટા અને 15 બેઠક ઓલ ગુજરાત સ્ટેટ કોટા માટે અનામત રાખવામાં આવી હતી. સમયાંતરે બેઠક સંખ્યા વધતી ગઈ અને હાલ મેડિકલની કુલ 250 સીટ ઉપલબ્ધ છે. તેમ છતાં લોકલ કોટાનો પ્રમાણ 70 ટકાથી આગળ વધારવામાં આવ્યો નથી, જેને લઈ અનેક પ્રશ્નો ઊઠી રહ્યા છે. મનપા દ્વારા નાના નાના કોન્ટ્રાક્ટમાં પણ ફોલોઅપ લેવાય છે. તો પછી શહેરના વિદ્યાર્થીઓના હિતમાં આટલો મોટો નિર્ણય કેમ ભુલાઈ ગયો? સુરત મહાનગરપાલિકા કરોડો રૂપિયાના કેપિટલ કામોમાં જ રસ રાખે છે. દરેક કામમાં કન્સલ્ટન્સી નિમવામાં આવે છે. જ્યારે વર્ષે 400 કરોડનો ખર્ચ થતો હોય અને તે પણ સુરતની પ્રજાના ટેક્સમાંથી થતો હોય તેવી સ્મીમેર મેડિકલ કોલેજ માટે આજદિન સુધી શાસકોએ કેમ વિચાર ન કર્યો? મનપા શાસકોને માત્ર ભ્રષ્ટાચાર અને કોન્ટ્રાક્ટરો પાસેથી કટકી મળતી હોય તેવા જ કામોમાં રસ પડે છે. જ્યાં સુરતના વિદ્યાર્થીઓના હિત માટે આટલો મોટો અને મહત્ત્વપૂર્ણ નિર્ણય લેવાનો હોય તે કેમ નથી લીધો, તે ચર્ચાનો વિષય શહેરીજનોના મોઢે છે.

#### 48 કલાકમાં...

ચિરાગ ગોટી અને તેના ભાઈ નિરાંત ગોટીને ટ્રાવેલર્સ પાસેથી ઉછીના લીધેલા રૂપિયા પરત ન કરવા અને રિવોલ્વર બતાવી ધમકી આપી રૂપિયા પડાવવાના ગુનામાં ઝડપી પાડ્યા હતા. કોર્ટ દ્વારા એક દિવસના રિમાન્ડ મળ્યા બાદ પોલીસે બંનેને દોરડાથી બાંધી યોગીચોક વિસ્તારમાં આવેલી તુલસી દર્શન સોસાયટી ખાતે લઈ જઈ ઘટનાનું રિકન્સ્ટ્રકશન કર્યું હતું. આ દરમિયાન તે યુવક પણ હાજર રહ્યો હતો, જેને અગાઉ ગાદલા પર ઊંધો સૂવડાવી ક્રૂર રીતે માર મારવામાં આવ્યો હતો. મામલો વધુ ગંભીર ત્યારે બન્યો જ્યારે ખુલ્યું કે આરોપી દ્વારા અન્ય લોકોને પણ વિવિધ રીતે ફસાવી દહેશત ફેલાવવામાં આવી હતી. પોલીસે જણાવ્યું કે છેલ્લા 48 કલાકમાં આ બીજીવાર રિકન્સ્ટ્રકશન કરવામાં આવ્યું છે, જેથી પુરાવાઓ મજબૂત બને. પોલીસ મુજબ, આરોપીઓ વિરુદ્ધ વધુ ફરિયાદો પણ સામે આવી શકે છે. રિમાન્ડ પૂરા થતાં ચિરાગ ગોટી અને તેના ભાઈને જેલભેગા કરવામાં આવ્યા છે.

#### ગોટી ગેંગનો આતંક અને પોલીસની કાર્યવાહી

ચિરાગ ગોટી અને તેના સાગરીતો સામે અનેક ગંભીર આરોપો સામે આવી રહ્યા છે. ટ્રાવેલર્સ પાસેથી લાખો રૂપિયા ઉછીના લઈને પરત ન આપતા, ઉલટા ધમકી આપી વસૂલી કરવાના કિસ્સા સામે આવ્યા છે. પોલીસે જેલમાંથી કબજો મેળવી બંને ભાઈઓને રિમાન્ડ પર લઈ તપાસ તેજ બનાવી છે. ઘટનાસ્થળે લઈ જઈ રિકન્સ્ટ્રકશન કરાતા મહત્ત્વપૂર્ણ પુરાવા મેળવવાના પ્રયાસો ચાલી રહ્યા છે. પોલીસનું કહેવું છે કે અન્ય પીડિતો પણ આગળ આવી શકે છે અને તમામ ફરિયાદોના આધારે કડક કાયદેસર કાર્યવાહી કરવામાં આવશે.

#### સુરત એરપોર્ટ...

આંતરરાષ્ટ્રીય ફ્લાઈટ્સમાં નિયમિતપણે કરવામાં આવે છે અને આ વખતે તેમને મોટી સફળતા મળી છે. જપ્ત કરાયેલી હાઈબ્રિડ ગાંજા (કેનાબીસ)ની કિંમત અને જથ્થાને જોતા, આ તસ્કરીનો મોટો કેસ હોઈ શકે છે. બંને મુસાફરોને પૂછપરછ માટે અટકાયતમાં લેવામાં આવ્યા છે અને વધુ તપાસમાં તેમના કનેક્શન અને તસ્કરીના સ્ત્રોત વિશે માહિતી મેળવવાના પ્રયાસો ચાલુ છે. આ ઘટના સુરત એરપોર્ટ પર વધતી જતી આંતરરાષ્ટ્રીય ફ્લાઈટ્સ અને તેની સાથે જોડાયેલા જોખમોને ધ્યાનમાં લેતા મહત્ત્વની છે. કસ્ટમ્સ વિભાગે જણાવ્યું કે, તેઓ આવા કેસો સામે કડક કાર્યવાહી કરશે અને મુસાફરોને પણ આવી વસ્તુઓ લાવવા સામે ચેતવણી આપી છે. બંન્ને આરોપીઓ સામે NDPS કાયદા હેઠળ આગળની કાર્યવાહી હાથ ધરવામાં આવી છે. કસ્ટમ્સ વિભાગ દ્વારા હવે આ ડ્રગ્સ તસ્કરીના નેટવર્ક, પાછળના સૂત્રધારો અને આંતરરાષ્ટ્રીય કડી અંગે ઊંડાણપૂર્વક તપાસ હાથ ધરવામાં આવી છે.

#### સુરતમાં તાપમાનમાં...

કર્યો હતો. હવામાન વિભાગના અનુમાન મુજબ આગામી અઠવાડિયા દરમિયાન શહેરમાં ગરમીનો પારો વધુ ૨ થી ૩ ડિગ્રી સુધી વધી શકે છે. એટલે હવે ધીમે ધીમે ઉનાળાની શરૂઆતનો અહેસાસ થવા લાગશે. તાપમાનમાં વધારાને પગલે બપોરના સમયે ગરમીનો પ્રભાવ વધુ તીવ્ર બનવાની શક્યતા વ્યક્ત કરવામાં આવી છે. શહેરમાં હવે ધીમે ધીમે ગરમીનો માહોલ જામવા લાગ્યો છે અને આવનારા દિવસોમાં તાપમાનમાં વધુ વધારો થવાની સંભાવના વચ્ચે નાગરિકોએ સતર્ક રહેવાની જરૂર જણાઈ રહી છે.

#### કીમના બિલ્ડરના...

પિતાની સાથે જ બાંધકામનું કામ કરે છે. જ્યારે બાંધકામના પૈસા સુરતની આંગડિયા પેઢીમાં આવ્યા હોવાથી લેવા માટે આવ્યા હતા. આંગડિયા પેઢી માં કોઈ મળતીયા હોવાની શંકા કરી છે અને લૂંટારાઓ આંગડિયા પેઢી થી તેમનો પીછો કરતા હોવાનું પણ અનુમાન લગાવ્યું છે. પીછો કર્યો પણ લૂટારૂ ટ્રાફિકનો લાભ લઈ પલાયન થઈ ગયા

# 'આપણે ક્યાં સુધી લેઉવા-કડવાના નામે વહેંચાયેલા રહીશું?': આનંદીબેન પટેલ

**સુરતમાં** એક કાર્યક્રમમાં તમામ સમાજની દીકરીઓ માટે કામ કરવા અનાર પટેલને શીખ આપી

સુરતઃ ઉત્તરપ્રદેશના રાજ્યપાલ અને ગુજરાતના પૂર્વ મુખ્યમંત્રી આનંદીબેન પટેલ સુરતમાં યોજાયેલા 'ક્રાફ્ટ રૂટ' કાર્યક્રમમાં ઉપસ્થિત રહ્યા હતા. આ કાર્યક્રમ તેમની દીકરી અનાર પટેલ દ્વારા દર વર્ષે આયોજિત કરવામાં આવે છે. આ પ્રસંગે આનંદીબેન પટેલે વર્તમાન સામાજિક માળખામાં દેખાતી જ્ઞાતિવાદી વિચારધારા પર કડક પ્રહાર કરતાં કહ્યું હતું કે, "મારામાં ક્યાંય પટેલવાદ નથી. આપણે ક્યાં સુધી લેઉવા અને કડવા પટેલના નામે વહેંચાયેલા રહીશું?"

તેમણે સ્પષ્ટ શબ્દોમાં જણાવ્યું હતું કે જ્ઞાતિના નામે થતાં રાજકારણ અને નેતૃત્વની માનસિકતા સમાજને પાછળ ખેંચે છે. સાચું નેતૃત્વ એ છે, જે સમગ્ર સમાજને સાથે લઈને ચાલે, માત્ર એક પેટાજ્ઞાતિ પૂરતું મર્યાદિત ન રહે. તેમણે લોકોને જ્ઞાતિના વાડામાંથી બહાર આવી 'ભારતવાસી' અને 'હિન્દુસ્તાની' હોવાનો ગર્વ લેવા આહવાન કર્યું. પોતાના સંબોધનમાં આનંદીબેને ભૂતકાળની યાદ અપાવતા કહ્યું હતું કે અગાઉ ગામમાં માત્ર બે-ત્રણ પટેલ પરિવારો હોવા છતાં, ગામની કોઈ પણ દીકરીના લગ્નની જવાબદારી આખું ગામ, ખાસ કરીને પટેલ પરિવારો ઉપાડતા હતા.

તાજેતરમાં અનાર પટેલને 'ખોડલધામ સંગઠન'ના અધ્યક્ષ તરીકે જવાબદારી સોંપાઈ છે. આ સંદર્ભે આનંદીબેને જાહેર મંચ પરથી દીકરીને શિખામણ આપતાં કહ્યું હતું કે સંસ્થાના હોદ્દાનો ઉપયોગ માત્ર પોતાની જ્ઞાતિ પૂરતો ન રાખવો. જો કોઈ અનુસૂચિત જનજાતિનો વ્યક્તિ કે ગરીબ દીકરી મદદ માટે આવે, તો કરોડપતિ પટેલોને તેમની ફી ભરવા પ્રેરિત કરવી એ સાચી સેવા છે.